# પાઠ્યપુસ્તકો મોડા મળવાની એંધાણી

ગાંધીનગર, તા. ૧૦

સોમવારથી સ્કૂલ્સનાં સમર વૅકેશન પૂર્ણ થઈ રહ્યાં છે ત્યારે પાઠ્યપુસ્તકની અછતને ધ્યાનમાં લઈ પાઠ્યપુસ્તક મંડળે પુસ્તકો પ્રિન્ટ કરવાનો ઓર્ડર આપી દીધો છે, પરંતુ જે મુદત આપી છે તે અંગે પ્રિન્ટરો નારાજ છે. પુસ્તક મંડળે પ્રિન્ટરોને અગાઉ સાત દિવસની મુદત આપી હતી પરંતુ આટલા ઓછા સમયમાં મોટી સંખ્યામાં પુસ્તકો પ્રિન્ટ થઇ શકે તેમ ન હોવાથી વધુ પાંચ દિવસનું એક્સટેન્શન આપ્યું હતું. જોકે, પ્રિન્ટરોના મતે પુસ્તકોના ઓર્ડરની સંખ્યા મોટી હોવાથી ઓછામાં ઓછા ૨૦ દિવસમાં આ કામ પૂર્ણ થઈ શકે તેમ છે. પુસ્તક મંડળે માત્ર સપ્તાહનો જ સમય આપ્યો હોઈ આ સમયમાં પ્રિન્ટનું કામ પૂર્ણ થવું શક્ય જ નથી. પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તાજેતરમાં પુસ્તકો ખૂટી પડતા પ્રિન્ટરોના તાત્કાલીક પુસ્તકો પ્રિન્ટ કરવા માટે ઓર્ડર કર્યા હતા. જેમાં ઓર્ડર વખતે તેમને સાત દિવસમાં પુસ્તક પ્રિન્ટ કરીને મોકલવા માટે સૂચના અપાઈ હતી. જોકે, સાત દિવસમાં પુસ્તક પ્રિન્ટ થઈ શકે તેમ ન હોવાથી પુસ્તક મંડળ દ્વારા પાંચ દિવસનું એક્સટેન્શન અપાયું હતું. પ્રિન્ટરોનું કહેવું છે કે છેલ્લી ઘડીએ પુસ્તકોના ઓર્ડર આપ્યા છે જેથી ૨૪ કલાક કામ કરવામાં આવે તો પણ નિયત સમયમાં પુસ્તકો પ્રિન્ટ થઈ શકે તેમ નથી. ધો.૬ના પુસ્તકો છાપવા માટેનો ઓર્ડર મળ્યો છે તેવા એક પ્રિન્ટરે જણાવ્યું હતું કે, મંડળ દ્વારા જે સમય મર્યાદા અપાઈ છે તેમાં કોઈ પણ સંજોગોમાં કામ પૂર્ણ થઈ શકે તેમ નથી. આ કામ પૂર્ણ થવામાં ઓછામાં ઓછા ૨૦ દિવસ જેટલો સમય જાય તેમ છે. જો પાંચ-દસ હજાર જેટલા પુસ્તકો હોય તો ઝડપથી પ્રિન્ટ થઈ શકે છે. પરંતુ આ કિસ્સામાં તો ઘણા પુસ્તકોની સંખ્યા ૫૦ હજાર કરતા પણ વધુ છે ત્યારે મંડળે આપેલી મુદતમાં પુસ્તકો પ્રિન્ટ થઈ શકે તેમ નથી.

આમ, પ્રિન્ટરોની વાત માનીએ તો આ પુસ્તકો હજુ બજારમાં આવતા ઓછામાં ઓછા દસ દિવસ જેટલો સમય થશે અને વિદ્યાર્થીઓને હાથમાં જશે ત્યાં સુધી વિદ્યાર્થીઓનું એક સપ્તાહ કરતા વધુ સમયનો અભ્યાસ પુસ્તકો વગર જ કરવો પડશે તેમ જણાય છે. પ્રિન્ટરોએ બોર્ડના વલણની ટીકા કરતા જણાવ્યું હતું કે, નિયત સમયમાં જો પુસ્તકો આપવામાં ન આવે તો પ્રિન્ટરને પુસ્તકની એમઆરપીના ૧ ટકાનો દંડ થાય છે. પ્રિન્ટરો પુસ્તકની એમઆરપીના ૧૦ ટકામાં કામ લેતા હોય છે ત્યારે તેમને એમઆરપી પર ૧ ટકા દંડ કરાય તો પ્રિન્ટરને બિલ પર ૧૦ ટકા જેટલો દંડ થાય છે. ઉદાહરણ આપતા પ્રિન્ટરે જણાવ્યું હતું કે, એક પુસ્તકની એમઆરપી રૂ. ૫૦ છે, આ પુસ્તક છાપવાનું કામ પ્રિન્ટરને રૂ. ૫માં મળે છે. હવે જ્યારે પુસ્તક નિયત સમયમાં અપાતું નથી ત્યારે મંડળ દ્વારા એમઆરપી પર ૧ ટકા એટલે કે રૂ. ૫૦ના પુસ્તકના એક ટકા ૫૦ પૈસાનો દંડ કરે છે. પરંતુ પ્રિન્ટરને તો રૂ. ૫ મળતા હોય અને તેની સામે ૫૦ પૈસાનો દંડ થાય તો ૧૦ ટકાનો દંડ થઈ જાય છે.

## આ પણ જાણો




એક પેન્સિલમાં એટલું ગ્રેફાઈટ હોય છે કે તેનાથી ૩૫ માઈલ લાંબી રેખા દોરી શકાય છે અને ૪૫ હજાર જેટલા શબ્દો લખી શકાય છે.

## ડાયરેક્ટ ❤ સે

સંબંધ
ગમે તેટલો મજબૂત હોય
સમય
તેને એકવાર
હચમચાવવાની કોશિષ
અવશ્ય કરે છે

## જન્મદિને વધામણી



શ્વેતા શર્મા
મો. ૯૮૨૫૧ ૨૫૬૦૨



નવલસિંહ ગોહિલ
મો. ૭૮૭૮૯ ૯૫૦૫૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# ટાગોર હૉલ ખાતે 'શિવાંજલી' દ્વારા પીહુ, હેલી અને ગરિમાનું આરંગેત્રમ




શિવાંજલી ડાન્સ ક્લાસ, અમદાવાદના ઉપક્રમે ટાગોર હૉલ ખાતે સંસ્થાની તાલીમાર્થી પીહુ, હેલી અને ગરિમાના આરંગેત્રમનો કાર્યક્રમ શનિવારે યોજવામાં આવ્યો હતો. ત્રણેય નૃત્યાંગનાઓએ સુંદર નૃત્યો રજૂ કરી દર્શકોની ભરપૂર પ્રશસ્તિ પ્રાપ્ત કરી હતી. આ ત્રણેય નૃત્યાંગનાઓએ કલાગુરુ ચક્ષુ શાહ પાસેથી ભરતનાટ્યમ્‌ની તાલીમ પ્રાપ્ત કરી હતી. કાર્યક્રમમાં અતિથિ તરીકે રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ પી કે લહેરી ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં નૃત્યાંગનાઓના પરિવારજનો અને નૃત્યપ્રેમી પ્રેક્ષકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો.

# સરકારી શાળામાં મહત્તમ વિદ્યાર્થી ભણે તેવું કરીએ : નીતિન પટેલ

## સરકારી શાળાઓમાં નબળું શિક્ષણ અપાય છે તેવી માનસિકતા ઊભી થઇ છે તે દૂર કરવી પડશે, પ્રત્યેક અધિકારી પોતાના ગામની કે પોતાના ક્ષેત્રના ગામની એક-એક શાળા દત્તક લે : શિક્ષણમંત્રી

ગાંધીનગર, તા. ૧૦

વડોદરામાં યોજાયેલી ચિંતન શિબિરમાં ત્રીજા દિવસે શિક્ષણની ગુણવત્તા પરના ચર્ચા સત્રમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે એવું સૂચન કર્યું હતું કે, સરકારી શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૧થી ૮ના વર્ગદીઠ ૨૦ જેટલા વિદ્યાર્થીઓનું પ્રતિષ્ઠિત નાગરિકો સાથે પ્રેઝન્ટેશન કરવું જોઈએ જેથી સમાજને સરકારની ગુણવત્તા સભર શિક્ષણ વ્યવસ્થા અને સુવિધાની નક્કર પ્રતીતિ થાય. ખાનગી શાળાની જેમ સરકારી શાળામાં મહત્તમ વિદ્યાર્થીઓ ભણે તેવું વાતાવરણ ઊભું કરવા અને શિક્ષણાધિકારીઓની કામગીરીનું મૂલ્યાંકન કરવા પણ તેમણે જણાવ્યું હતું.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ ચર્ચા સત્રના અધ્યક્ષ સ્થાનેથી બોલતા પ્રત્યેક અધિકારી પોતાના ગામની કે પોતાના ક્ષેત્રના ગામની એક-એક શાળા દત્તક લે તે માટે અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરકારી શાળાઓમાં નબળું શિક્ષણ અપાય છે તેવી માનસિકતા ઊભી થઈ છે તે દૂર કરવી પડશે. ગુણવત્તાયુકત શિક્ષણ અને નબળી શાળા માટે સ્પેશિયલ કોચિંગની ઝુંબેશ કરવા પણ કહ્યું હતું.

શાસન પ્રણાલિને નિર્ણાયક બનાવવાના સત્રમાં ભાગ લેતા મહેસૂલ મંત્રી કૌશિક પટેલે વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને દિવ્યાંગો તેમજ લશ્કરના કર્મીઓના પ્રશ્નોના નિરાકરણ માટે અલાયદી વ્યવસ્થા ઊભી કરવા સૂચન કર્યું હતું. મુખ્ય સચિવ ડો. જે. એન. સિંઘે દરેક વિભાગમાં હ્યુમન ઈન્ટરફેસ ઓછો થાય અને બહુધા વહીવટ ઓનલાઈન થાય તો પારદર્શિતા અને સ્વચ્છ પ્રશાસનની નેમ સાકાર થશે તેમ જણાવતા ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સ અપનાવવા જિલ્લા-વિભાગના વડાઓ નેતૃત્વ કરે તેમ જણાવ્યું હતું.

સીએમઓના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથને ગુડ ગવર્નન્સ માટે લાંબા સમયથી ચાલતી જનસેવા કેન્દ્રો જેવી સંસ્થાઓની કામગીરીની નવેસરથી સમીક્ષા કરીને નાગરિકોને તેનાથી સંતોષ છે કે નહીં તથા નિયત સમય મર્યાદામાં કામો થાય છે કે નહીં તે મુજબના સુધારા કરવાની જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું. પૂર્વ મુખ્ય સચિવ સુધીર માંકડે શિક્ષક અને શિક્ષણની માળખાકીય સગવડોનો જેટલો વિચાર થયો તેટલો શિક્ષણની ગુણવત્તા માટે ન થયો તે જ સમસ્યાનું મૂળ કારણ હોવાનું જણાવ્યું હતું. તેમણે ઈન્ટિગ્રેટેડ કોર્સ શરૂ કરવા પાઠ્યપુસ્તકો માટે પાઠ્યપુસ્તક મંડળના ઈજારાનો અંત આણવા અને પુસ્તકોમાં વિકલ્પ ઉપલબ્ધ કરવા ભલામણ કરી હતી.

## વિશ્વ યોગ દિવસ પહેલાં અમદાવાદ શહેર યોગમય બનશે

અમદાવાદ, તા. ૧૦

સમગ્ર દેશમાં ૨૧ જૂને વિશ્વ યોગ દિવસ ઊજવાઇ રહ્યો છે ત્યારે અમદાવાદ શહેરમાં તેની ઉજવણીની તૈયારી જોરશોરથી શરૂ થઇ ચૂકી છે. ૧૪ જૂનથી ૨૦ જૂન સુધી વિદ્યાર્થીઓ અને શહેરના નાગરિકો માટે યોગ શિબિર યોજાશે. યોગ ટીચર માટેની યોગ ટ્રેનિંગ શિબિર પણ શરૂ થઇ ચૂકી છે. શહેરના તમામ મ્યુનિસિપલ-ઔડા ગાર્ડનમાં, મ્યુનિસિપલ શાળાઓ, ત્રિદેવ મંદિર વગેરે સ્થળોએ નાગરિકો માટે યોગ ટ્રેનિંગ કાર્યક્રમ યોજાશે, જેના માટે શહેરના બગીચાઓની સાફસફાઇ શરૂ થઇ ચૂકી છે. શહેરના ૨.૫૦ લાખથી વધુ નાગરિકો યોગ દિવસે ભાગ લેવાના છે. જીએમડીસી ગ્રાઉન્ડ, યુનિવર્સિટી ગ્રાઉન્ડ સહિતનાં અનેક સ્થળો યોગ દિવસ માટે પસંદ કરાયાં છે. મુખ્યપ્રધાન વિજય રૂપાણી સહિત શહેર-રાજ્યની નામાંકિત વ્યકિતઓ મુખ્યપ્રધાન સાથે યોગ કાર્યક્રમમાં ભાગ લે તે માટે આમંત્રિત કરાયા છે. રિવરફ્રન્ટ અને જીએમડીસી ગ્રાઉન્ડની આસપાસ આવેલાં પાંચ ગ્રાઉન્ડમાં પણ યોગ કાર્યક્રમ યોજાશે.

# રજિસ્ટ્રેશન ટેક્સ હવે ઓનલાઈન ભરી શકાશે

અમદાવાદ, તા.૧૦

વાહન રજિસ્ટ્રેશનનો ટેક્સ ભરવા અરજદાર કે વાહન ડિલરોએ આરટીઓ કચેરી જવુ પડે છે. આ ટેક્સ ભરવાની લાંબી કતારોનેલઈને ઘણી વખત એક-બે સપ્તાહ સુધી ટેક્સ નહીં મળવાના કારણે રજિસ્ટ્રેશન નંબર મળતા નથી બીજાબાજુ આવા રજિસ્ટ્રેશન માટે એપ્લાય થયેલા વાહનો, નંબરપ્લેટ વગર દિવસો સુધી રોડ પર ફરે છે. તેના સંશોધન દરમિયાન વાહનવેરો ડિલર દ્વારા ભરવામાં થતો વિલંબ જવાબદાર હોવાનું બહાર આવતા આગામી જુલાઈ માસથી મોટર કે વાહન રજિસ્ટ્રેશન ટેક્સ ઓન લાઈન એટલે કે આરટીઓ ઈ.પેમેન્ટ સીસ્ટમ અમલી બનાવશે. આ સીસ્ટમ ૨૪ કલાક ઓનલાઈન પેમેન્ટ કરી શકશે. પરિણામે અરજદારોને ઝડપથી વાહનનો નંબર પ્રાપ્ત થઈ શકશે.

નવા વાહનની ખરીદી બાદ સાત દિવસમાં આરટીઓ કચેરી ખાતે વાહન રજિસ્ટ્રેશન ટેકસ ભરવો પડતો નથી. આ ટેકસ મોટાભાગે ડિલરો વાહન ખરીદનાર પાસેથી વસુલી લેતા હોય છે ત્યારે આવો વેરો ડિલરોએ વાહનધારક વતી ભરવાનો થાય ચે. આરટીઓ કચેરીમાં આવો ટેકસ સ્વીકારનાર સ્ટાફ ખુબ ઓછો હોય છે. સ્ટાફ પર કામનું ભારણ ખૂબ હોય છે. આથી જુલાઈ માસથી વાહન વ્યવહાર વિભાગ દ્વારા રાજ્યની તમામ આરટીઓ કચેરીમાં ઈ-પેમેન્ટ સીસ્ટમ અમલી બનાવવામાં આવનાર છે. આ સીસ્ટમમાં ડિલરો વાહન રજિસ્ટ્રેશન ટેકસ ૨૪ કલાક ઓનાઈન ભરી શકશે.

વાહનના કાગળો સ્કેન કરીને ઈ-કોપી તરીકે આરટીઓ કચેરી મોકલી આપવાના રહેશે.

## માધ્યમિક શાળાઓ માટે નવા વર્ષનું શૈક્ષણિક કેલેન્ડર જાહેર

અમદાવાદ, તા. ૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માધ્યમિક શાળાઓ માટેના નવા શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯નું શૈક્ષણિક કેલેન્ડર જાહેર કરાયું છે. તે મુજબ આગામી વર્ષે ધો.૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા તા.૭ થી ૨૩ માર્ચ, ૨૦૧૯ દરમિયાન લેવાશે. આગામી વર્ષે ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા ૬ થી ૯ જૂન સુધી લેવાશે. જ્યારે ધો.૯-૧૦-૧૧ અને ૧૨ની પહેલી સત્રાંત પરીક્ષા તા.૧૯ થી ૩૦ ઓકટોબર, ૨૦૧૮ દરમિયાન લેવાશે. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેક્ટિકલ પરીક્ષા તા.૧૫ થી ૧૮ ફેબ્રુઆરીના સમયગાળા દરમિયાન શાળા કક્ષાએ યોજાશે.

જ્યારે ધો.૧૦ અને ૧૨ની શાળાઓ દ્વારા લેવાતી પ્રાયોગિક પરીક્ષા ૧૨ થી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન લેવાશે. ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા ૮ થી ૧૬ એપ્રિલ દરમિયાન લેવાશે. ધો.૧૦-૧૧ અને ૧૨ની પ્રિલિમ પરીક્ષા ૨૮ જાન્યુઆરીથી ૬ ફેબ્રુઆરી દરમિયાન લેવાશે.

શૈક્ષણિક વર્ષ દરમિયાન બાવન રવિવાર, ૧૭ જાહેર રજાઓ, ૨૧ દિવસનું દિવાળી વેકેશન અને ૩૫ દિવસ ઉનાળુ વેકેશનની રજા મળશે. પહેલું સત્ર ટૂંકું રહેશે, જ્યારે બીજા સત્રમાં ૧૦૨ દિવસ શૈક્ષણિક કાર્ય થશે.

# દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરનું ગૌરવ : જેઈઈ ઍડવાન્સ ટેસ્ટમાં ડંકો



ગાંધીનગર, તા. ૧૦

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરમાં ધોરણ-૧૨ સાયન્સમાં ૨૦૧૭-૧૮ની સીબીએસઈ પરીક્ષામાં પ્રથમ ક્રમાંક લાવનારવ દ્યાર્થી સૌમ્ય ગોયલે વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે.

આ તેજસ્વી વિદ્યાર્થીઓએ આઈઆઈટીની એન્ટ્રન્સ ટેસ્ટ જેઈઈમાં સમગ્ર દેશમાં ૧૩મું સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું તથા પરિવારનું નામ રોશન કર્યું છે.

શાળાના આચાર્ય અતનુ રથ દ્વારા સમગ્ર શાળા પરિવાર વતી આ તેજસ્વી વિદ્યાર્થીને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# પ્રિન્ટ માધ્યમે મનુષ્યને સાહિત્ય દ્વારા જીવનનો સૌંદર્યાનુભવ કરાવ્યો

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના લલિતકલા કેન્દ્રના ઉપક્રમે વિવિધ કાર્યક્રમો યોજાય છે. એ અંતર્ગત શનિવારે 'સાહિત્ય અને સિનેમાનો આંતર સંબંધ' વિશે દૃષ્ટિ પટેલનું વ્યાખ્યાન યોજાયું હતું.

તેમણે કહ્યું કે, આધુનિક સમૂહ માધ્યમોમાં સૌપ્રથમ ઉદભવેલા પ્રિન્ટ માધ્યમે મનુષ્યને સાહિત્ય દ્વારા જીવનનો સૌંદર્યાનુભવ કરાવ્યો, જીવનમૂલ્યો પ્રત્યે શ્રદ્ધા જગવવાની પ્રેરણા આપી.

વીસમી સદીમાં વીજાણુ માધ્યમો છવાતાં ગયાં અને એકવીસમી સદી તો ડિજિટલ યુગ છે. સિનેમા, ટેલિવિઝન અને ખાસ તો મોબાઈલ ટૅકનોલોજીના અદમ્ય આકર્ષણે શિષ્ટ સાહિત્યના વાચનનો મહાવરો ઘટાડવા માંડ્યો. લેખક પાસે શબ્દ છે, દિગ્દર્શક શબ્દને દૃશ્યથી મૂર્ત કરે છે, વાસ્તવિકતા સર્જે છે. સંગીત સિનેમાને વધુ પ્રભાવક બનાવવામાં મદદ કરે છે.

# સાળંગપુર હનુમાનજીને કેરીનો શણગાર



સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિર ખાતે આમ રસ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે હનુમાનજીનો કેરીથી ભવ્ય શણગાર કરાયો હતો. ઉલ્લેખનીય છે કે બોટાદના સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે અલગ-અલગ તહેવાર નિમિત્તે અલગ અલગ શણગાર સાથે હનુમાનજીનો શણગાર કરવામાં આવે છે. હાલ ઉનાળાની સીઝન હોઈ ફળોના રાજા એવી અલગ-અલગ પ્રાંતની કેરી સાથે કેરીના રસ, કેરીની કટકી સાથે હનુમાનજીનો કેરીથી શણગાર કરવામાં આવ્યા છે.

### વૈજ્ઞાનિકો દ્વારા દાવો કરાયો

# આગામી વર્ષોમાં દિવસ ૨૪ને બદલે ૨૫ કલાકનો

## ચંદ્રમાની ધીમી ગતિને કારણે દિવસ લંબાઈ રહ્યો છે

ગાંધીનગર, તા. ૧૦

સામાન્ય રીતે તમે લોકોને એવું કહેતા સાંભળ્યા હશે કે કાશ દિવસ થોડો લાંબો હોત તો આપણે વધુ સમય સાથે રહી શકયા હોત. હાલમાં જ વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે આગામી વર્ષોમાં દિવસ ૨૪ કલાકને બદલે ૨૫ કલાકનો થઈ જશે. ભૂગર્ભશાસ્ત્રીઓનું કહેવું છે કે ચંદ્રમાની ધીમી ગતિને કારણે દિવસ લંબાઈ રહ્યો છે. અબજો વર્ષોથી ચંદ્ર અને ધરતી વચ્ચેનું અંતર ધીરે ધીરે વધી રહ્યું છે. ચંદ્રની ઘૂમવાની ધીમી ગતિને કારણે દિવસ લાંબો થઈ રહ્યો છે.

અંદાજીત ૧.૪ અબજ વર્ષ પહેલા ચંદ્ર અને ધરતી વચ્ચેનું અંદર ઓછું હતું, ત્યારે ધરતી પર એક દિવસ માત્ર ૧૮.૧૪ કલાકનો જ હતો. પરંતુ બંને વચ્ચે વધી રહેલા અંતરને કારણે એક દિવસમાં ૨૪ કલાક થવા લાગ્યા. હજુ પણ ચંદ્ર પૃથ્વીથી દૂર જઈ રહ્યો છે. રિસર્ચરોનો દાવો છે કે ધરતી પર દિવસ ૨૪ કલાકથી વધીને ૨૫ કલાક થઈ જશે.

અમેરિકાની યુનિવર્સિટી ઓફ વિસ્કોંસિન-મેડિસનના ભૂગર્ભવૈજ્ઞાનિક સ્ટીફન મેયર્સે પોતાના રિસર્ચમાં આ સંબંધ વિશે જણાવ્યું છે. મેયર્સનું કહેવું છે કે પોતાની ધીમી ગતિને કારણે ચંદ્ર ધરતીથી દૂર થઈ રહ્યો છે, ધરતીની ગતિ પણ ધીમે ધીમે ઘટી રહી છે. કારણ કે અન્ય ગ્રહોની ગતિ પૃથ્વીને પ્રભાવીત કરે છે.

# ગુજરાત યુનિવર્સિટી દ્વારા કેરી ફૉરવર્ડ સિસ્ટમ રદ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત યુનિવર્સિટી દ્વારા શરૂ કરાયેલી કેરી ફોરવર્ડ સિસ્ટમને જૂન-૨૦૧૮થી રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કેરી ફોરવર્ડ પદ્ધતિ હેઠળ વિદ્યાર્થીઓ ગમે તેટલા વિષયમાં નાપાસ હોય તો પણ આગળના સેમેસ્ટરમાં જઈ શકતા હતા પરંતુ હવે ચોક્ક?સ સેમેસ્ટર પાસ કર્યું હશે તો જ વિદ્યાર્થી આગળના સેમેસ્ટરમાં જઈ શકશે તેવો નિર્ણય લેવાયો છે. આ નિર્ણય વિદ્યાર્થીઓના હિતમાં જણાય છે અને તેના લીધે વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેટ ઘટશે તેમ પણ સૂત્રો માની રહ્યા છે. જોકે, ૨૦૧૭ કે તે પહેલાના વર્ષમાં જે વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હશે તે વિદ્યાર્થીઓ માટે કેરી ફોરવર્ડ પદ્ધતિ ચાલુ રહેશે. આમ, કેરી ફોરવર્ડ પદ્ધતિનો લાભ આ વર્ષે પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને મળશે નહીં..

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં લેવામાં આવેલા નિર્ણય પ્રમાણે જૂન-૨૦૧૮થી **B.A., B.Com., BSC, BBA, BCA, B.Ed., M.A., M.Com., M.Sc., M.Ed.**ના પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે કેરી ફોરવર્ડ સિસ્ટમ બંધ કરવામાં આવી છે. જેથી આ વિદ્યાર્થીઓને કેરી ફોરવર્ડ સિસ્ટમનો લાભ મળશે નહીં. સ્નાતક કક્ષાએ જૂન-૨૦૧૮માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ સેમેસ્ટર-૧ની તમામ પરીક્ષાઓ પાસ કરી હોય તેવા જ વિદ્યાર્થીઓને સેમેસ્ટર-૩માં પ્રવેશ મળશે.

આ જ રીતે વિદ્યાર્થીએ સેમેસ્ટર-૨ની પરીક્ષા પાસ કરી હશે તે જ સેમેસ્ટર-૪માં પ્રવેશ માટે લાયક ગણાશે. જ્યારે સેમેસ્ટર-૩ની તમામ પરીક્ષા પાસ કરી હશે તે જ સેમેસ્ટર-૫માં પ્રવેશ માટે લાયક બનશે અને સેમેસ્ટર-૬માં પ્રવેશ માટે વિદ્યાર્થીએ સેમેસ્ટર-૧થી ૪ની તમામ પરીક્ષા પાસ કરેલી હોવી જરૂરી છે. આમ, હવે નાપાસ થયેલો વિદ્યાર્થી આગળના સેમેસ્ટરમાં ભણી શકશે નહીં. અગાઉ વિદ્યાર્થી ગમે તેટલા સેમેસ્ટરના વિષયમાં નાપાસ થયો હોય તો પણ તેને આગળના સેમેસ્ટરમાં જવા દેવામાં આવતો હતો. આમ, જૂન-૨૦૧૮થી નવા પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે કેરી ફોરવર્ડ પદ્ધિત રદ કરવાનો નિર્ણય લેવાયો છે. જોકે, વર્ષ ૨૦૧૭ અથવા તે પહેલા પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે કેરી ફોરવર્ડ પદ્ધતિ ચાલુ રહેશે.




ગુજરાત યુનિવર્સિટી દ્વારા અમલમાં મૂકાયેલા કેરી ફોરવર્ડ સિસ્ટમને લઈને શરૂઆતમાં વિદ્યાર્થીઓને રાહત લાગતી હતી પરંતુ પાછળથી તે જ તેમના માટે શ્રાપ સમાન બની જતી હતી. વિદ્યાર્થી જ્યારે સેમેસ્ટર-૧ની પરીક્ષા આપે અને તેમાં એક અથવા એક કરતા વધુ વિષયમાં નાપાસ થાય તો પણ તેને બીજા સેમેસ્ટરમાં ભણવા દેવાની છુટ અપાતી હતી. આ જ રીતે બીજા સેમેસ્ટરમાં પણ એક અથવા એક કરતા વધુ સેમેસ્ટરમાં નાપાસ થાય તો પણ તેને ત્રીજા સેમેસ્ટરમાં જવા દેવાની છૂટ આપવામાં આવતી હતી. આમ, વિદ્યાર્થી નાપાસ થતો હોય તો પણ છેક પાંચમા સેમેસ્ટર સુધી જઈ શકતો હતો. જોકે, ત્યારબાદ જ્યાં સુધી તે બેકલોગ ક્લિયર ન કરે ત્યાં સુધી તેનું અંતિમ પરિણામ તૈયાર થતું ન હતું. આ સ્થિતિમાં પાંચમાં સેમેસ્ટર સુધી કેરી ફોરવર્ડ પદ્ધતિથી આવનાર વિદ્યાર્થીને ૨૫ વિષયની બેકલોગ થઈ જતી હતી અને છેલ્લે તે અભ્યાસ છોડી દેતો હતો. ગુજરાત યુનિવર્સિટી દ્વારા જૂન-૨૦૧૮માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે કેરી ફોરવર્ડ પદ્ધતિ નાબૂદ કરી હોવાની જાહેરાત કરી દીધી છે. પરંતુ વર્ષ ૨૦૧૭ કે તે પહેલાના વર્ષોમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ જૂની કેરી ફોરવર્ડ પદ્ધતિ ચાલુ રાખી હોવાનું જાણવા મળે છે. એટલે કે, જો ૨૦૧૭માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે હજુ ઓછામાં ઓછા બે વર્ષ માટે આ પદ્ધતિ ચાલુ રાખવી જ પડશે. આ ઉપરાંત જ્યાં સુધી તેઓ કેરી ફોરવર્ડમાં બેકલોગ ક્લિયર નહીં કરે ત્યાં સુધી તેમને તક આપવી પડે તેમ હોઈ આ પદ્ધતિ સંપૂર્ણ નાબૂદ થતાં હજુ વર્ષો લાગશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.